અનડીટેકટ અકસ્માત ગુન્હાને ટેકનીકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સીસ આધારે ગુન્હો શોધી આરોપીની ધરપકડ કરતી, સુરત પોલીસ.

કાપોદ્રા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.એ-૧૧૨૧૦૦૨૨૨૨૧૪૭૯/૨૦૨૨ ઇ.પી.કો. કલમ. ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એક્ટ કલમ. ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબના કામે તા.૨૮/૦૮/૨૦૨૨ કાપોદ્રા કમલપાર્ક હેલ્થ સેન્ટર પાસે ફરીયાદીશ્રીના પિતાને એક અજાણ્યા વાહનના ચાલકે પોતાનું વાહન પુરપાટ ઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી વાહન અથડાવી શરીરના અલગ અલગ ભાગોમાં ઇજાઓ પહોચાડી સ્થળ ઉપરથી નાશી ગયેલ હોવા અંગે ગુન્હો દાખલ થયેલ જે ગુન્હા અન્વયે પોલીસ ઇન્સ્પેકટર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ.ઇન્સ.નાઓ સર્વેલન્સ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી તપાસમાં રોકેલ જે દરમ્યાન સદરહુ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારુ વર્ક આઉટમાં હતા તે દરમ્યાન ટેકનીકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સીસ આધારે ગુનાના આરોપી દિલીપકુમાર કરશનભાઇ પાથર ઉ.વ. ૨૨ ધંધો-બસ ડ્રાઇવર રહે. બી/૧૦૩, ગંગા એપાર્ટમેન્ટ એલ.એચ. રોડ વરાછા, સુરત નાઓને ઝડપી પાડી અનડીટેકટ અકસ્માતના ગુન્હો ડીટેકટ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.